ક્રમાંક:સ્ટેમ્પ/મકમ/૧૮૬/૦૫/ભાગ-૩/૫૪૭૪

સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેક્ટર-૧૩/સી, "ખ" રોડ,
ગાંધીનગર
તા. ૧૬/૮/૨૦૦૭

વિષય:- માહિતી (મેળવવાનો અધિકાર અધિનિયમ-૨૦૦૫) હેઠળ સ્ટેમ્પ પ્રભાગ હેઠળની જુદી જુદી કચેરીઓને પબ્લીક ઓથોરીટી તરીકે જાહેર કરવા બાબત તથા જાહેર માહિતી અધિકારી (PIO) અને એપલેટ ઓથોરીટીની નિમણુંક કરવા બાબત.

વંચાણે લીધું :- (૧) મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: આર.ટી.આઈ-૧૦૨૦૦૫-૧૩૨૩-પાર્ટ-૧-બ-૧ તા.૧૬/૯/૦૫
(૨) સામાન્ય વહિવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:વરસ-૧૦૨૦૦૫-૨૫૫૬ વસુતાપ્ર-૨ તા.૧૪/૯/૦૫
(૩) અત્રેની પરિપત્ર ક્રમાંક: સ્ટેમ્પ/મકમ/૫૨/૦૪ તા.૨૨/૯/૦૫
(૪) અત્રેનો પરિપત્ર ક્રમાંક:સ્ટેમ્પ/મકમ/૧૮૬/૦૫/ભાગ-૩/૧૪૯૦ તા.૮/૩/૦૭

પરિપત્ર :-

આમુખ(૨) ના તા.૧૪/૯/૦૫ ના પરિપત્રથી જણાવ્યા મુજબ કેન્દ્ર સરકારે પસાર કરેલ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ-૨૦૦૫ સમગ્ર દેશમાં જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય તમામ રાજયમાં તા.૧૨/૧૦/૦૫ થી અમલી બનેલ છે. આ કાયદાની જોગવાઈ અનુસાર દરેક વિભાગ તથા જાહેર સત્તા મંડળે તેના નિયંત્રણ હેઠળની કચેરીઓમાં તથા વડી કચેરી ખાતે જાહેર માહિતી અધિકારી (પબ્લીક ઓથોરીટી) તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીની નિમણુંક કરવાની થતાં અત્રેના ઉકત આમુખ(૩) અને (૪) મુજબના પરિપત્રથી જાહેર માહિતી અધિકારી તથા એપલેટ ઓથોરીટીની નિમણુંક કરવામાં આવેલ છે. જેમાં હિસાબી શાખા (સ્ટેમ્પ વીગ અને મુલ્યાંકન વીગ) ને લગતી બાબતો અંગે જાહેર માહિતી અધિકારી તથા એપલેટ ઓથોરીટની નિમણુંક કરવામાં આવેલ નથી, તથા કચેરીની આંકડા શાખા અને મહેકમ શાખા માટે કોઈ જાહેર માહિતી અધિકારી તથા એપલેટ ઓથોરીટીની નિમણુંક કરેલ નથી. વધુમાં આમુખ-૪ ના પરિપત્રથી તાંત્રિક શાખા માટે અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સને એપલેટ ઓથોરીટી તરીકે નિમવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે સદરહુ પરિપત્રથી નીચે મુજબની વિગતે તથા સામેલ પત્રક મુજબ અંશતઃ સુધારા/વધારા કરી ઉકત કામ માટે જાહેર માહિતી અધિકારી, અને એપલેટ ઓથોરીટીની નિમણુંક કરવામાં આવે છે.

(૧) હિસાબી શાખા (સ્ટેમ્પવીગ) તથા હિસાબી શાખા (મુલ્યાંકન વીગ) ના જાહેર માહિતી અધિકારી તરીકે હિસાબી અધિકારી (વર્ગ–૨) તથા એપલેટ ઓથોરીટી તરીકે હિસાબી અધિકારી (વર્ગ–૧) ની નિમણુંક કરવામાં આવે છે.

(૨) આંકડા શાખા અને મલત શાખા ના જાહેર માહિતી અધિકારી તરીકે ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પ (મુલ્યાંકન) તથા એપલેટ ઓથોરીટી તરીકે નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની નિમણુંક કરવામાં આવે છે.

(૩) તાંત્રિક શાખાના એપલેટ ઓથોરીટી તરીકે આમુખ–૪ ના પરિપત્રથી એપલેટ ઓથોરીટી તરીકે અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ જાહેર કરેલ છે. જેને બદલે હવે નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ ઉપર સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સશ્રીના આદેશાનુસાર

નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
(૧) અધિક કલેકટર (અપિલ), ગુજરાત રાજય, ગાંધીનગર
(૨) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૪) આસી.સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૫) નાયબ મદદનીશ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ( મહેકમ,અપીલ,કાયદા,રીફંડ), ગુ.રા.ગાંધીનગર
(૬) મુખ્ય સ્ટેમ્પ નિરીક્ષક,( નિરીક્ષણ, તપાસણી, મુલ્યાંકન) ગુજરાત રાજય, ગાંધીનગર
(૭) નાયબ નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૮) નાયબ કલેકટર, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર, ........................(તમામ)
(૯) નોંધણી નિરીક્ષકશ્રી....... .......(તમામ)
(૧૦) તમામ શાખા અધિકારી /કર્મચારી તરફ

નકલ સવિનય રવાનાઃ– સંયુકત સચિવશ્રી,
મહેસુલ વિભાગ, હ.૧
સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

## જાહેર માહિતી અધિકારી (પી.આઈ.ઓ) મદદનીશ જાહેર માહિતી અધિકારી (એ.પી.આઈ.ઓ) એપલેટ ઓથોરીટીની વિગત દર્શાવતું પત્રક (વડી કચેરી)

| અ.નં. | પબ્લીક ઓથોરીટી (કચેરીનું નામ, સરનામું અને ફોન નંબર) | જાહેર માહિતી અધિકારી(પી.આઈ.ઓ) નો હોદ્દો (કચેરીનું નામ, સરનામું, ફોન નંબર, ફેકસ નંબર, ઈ-મેઈલ એડ્રેસ) | સંબંધિત વિષય/કામગીરી | મદદનીશ જાહેર માહિતી અધિકારી (એ.પી.આઈ.ઓ) નો હોદ્દો (કચેરીનું નામ, સરનામું, ફોન નંબર, ફેકસ નંબર, ઈ-મેઈલ એડ્રેસ) | એપલેટ ઓથોરીટી નો હોદ્દો (કચેરીનું નામ, સરનામું, ફોન નંબર, ફેકસ નંબર, ઈ-મેઈલ એડ્રેસ) |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| | સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ<br>સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,<br>સ્ટેમ્પ અને નોંધણી ભવન<br>સેક્ટર-૧૩/સી, ખ-રોડ,<br>ગાંધીનગર<br>ફોન નં. ૨૩૨૩૦૭૭૪ | હિસાબી અધિકારીશ્રી વર્ગ-૨<br>(સ્ટેમ્પ વીગ અને મુલ્યાંકન વીંગ)<br>સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,<br>સ્ટેમ્પ અને નોંધણી ભવન,<br>સેક્ટર-૧૩/સી, "ખ" રોડ,<br>ગાંધીનગર<br>ફોન નં. ૨૩૨૪૩૦૧૫<br>ફેક્સ નં. ૨૩૨૪૩૦૧૫ | હિસાબી શાખાને લગતી કામગીરી | - | હિસાબી અધિકારીશ્રી વર્ગ-૧<br>(સ્ટેમ્પ વીગ અને મુલ્યાંકન વીંગ)<br>સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,<br>સ્ટેમ્પ અને નોંધણી ભવન,<br>સેક્ટર-૧૩/સી, "ખ" રોડ,<br>ગાંધીનગર<br>ફોન નં. ૨૩૨૪૩૦૧૫<br>ફેક્સ નં. ૨૩૨૪૩૦૧૫ |
| ૫ | ઉપર મુજબ | ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પ્સ<br>(મુલ્યાંકન વીંગ)<br>સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,<br>સ્ટેમ્પ અને નોંધણી ભવન,<br>સેક્ટર-૧૩/સી, "ખ" રોડ,<br>ગાંધીનગર<br>ફોન નં. ૨૯૨૮૯૦૩૮<br>ફેક્સ નં. ૨૩૨૩૮૫૬૯ | આંકડા શાખા તથા મલત શાખાને લગતી કામગીરી | - | નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ<br>સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,<br>સ્ટેમ્પ અને નોંધણી ભવન,<br>સેક્ટર-૧૩/સી, "ખ" રોડ,<br>ગાંધીનગર<br>ફોન નં. ૨૩૨૩૮૫૬૯<br>ફેક્સ નં. ૨૩૨૩૮૫૬૯ |
| | ઉપર મુજબ | જુનિયર ટાઉન પ્લાનર (તાંત્રિક શાખા)<br>સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,<br>સ્ટેમ્પ અને નોંધણી ભવન,<br>સેક્ટર-૧૩/સી, "ખ" રોડ,<br>ગાંધીનગર ફોન નં. ૨૩૨૩૮૫૬૯ | જંત્રીને લગતી બાબતો, નવી જંત્રીના મહેકમને લગતી બાબતો, નવી જંત્રી તથા એસ.ઓ.આર વિગેરેને લગતી બાબતો. | - | નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ<br>સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,<br>સ્ટેમ્પ અને નોંધણી ભવન,<br>સેક્ટર-૧૩/સી, "ખ" રોડ,<br>ગાંધીનગર ફોન નં. ૨૩૨૩૮૫૬૯<br>ફેક્સ નં. ૨૩૨૩૮૫૬૯ |